### પ્લાસ્ટિકના ઉપયોગમાં આટલી સાવધાની રાખીએ

- ખાવા-પીવાની ગરમ ચીજો પ્લાસ્ટિકના વાસણમાં ન રાખીએ.
- પ્લાસ્ટિક પૅક્ડ ખાદ્ય સામગ્રીને ગરમી અને તડકાથી દૂર રાખીએ.
- બાળકો માટે દૂધની બૉટલ, સ્કૂલ ટિફિન વગેરેમાં પ્લાસ્ટિકનો ઉપયોગ લાંબા સમય માટે ન કરીએ, શક્ય હોય તો ન જ કરીએ.
- ખાવા-પીવાની ચીજો પૉલિથીનમાં પૅક ન કરીએ.
- પાણીની બૉટલ ઉપયોગ પછી નષ્ટ કરીએ.
- એકવાર પીગળ્યા પછી પ્લાસ્ટિકનો પુનઃ ઉપયોગ ન કરીએ.
- પ્લાસ્ટિક ટિફીન, વાસણોનો માઈક્રોવેવમાં કે અન્ય રીતે ગરમ કરીએ.
- શક્ય હોય ત્યાં સુધી પ્લાસ્ટિકના સ્થાને તાંબા, સ્ટીલ, કાંસા, માટી, લોખંડનાં વાસણોનો ઉપયોગ કરીએ.
- પ્લાસ્ટિકનાં વાસણોનો ઉપયોગ ઘરમાં થતો હોય તો ધ્યાન રાખીએ કે આ વાસણો બે વર્ષથી વધુ સમય માટે ઉપયોગમાં ન લઈએ.
- અનાજ, દાળ, ખાંડ, લોટ, મસાલા, અથાણાં, દૂધ, દહીં અને અન્ય ખાદ્યસામગ્રી પ્લાસ્ટિકના ડબ્બાના સ્થાને અન્ય વાસણોમાં રાખીએ.
- લાંબા સમય સુધી રાખવાની ખાદ્યસામગ્રી પ્લાસ્ટિકના ડબ્બામાં ન રાખીએ.
- લાંબા સમયથી પ્લાસ્ટિકમાં પૅક્ડ ખાદ્યસામગ્રીનો ઉપયોગ ન કરીએ.
- પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો જ પડે તો એ ઉચ્ચ ગુણવત્તાવાળું હોય એ ધ્યાન રાખીએ.
- ખાવા-પીવાની ગરમ ચીજોને પ્લાસ્ટિકથી ઢાંકવાનું પણ ટાળીએ.
- પ્લાસ્ટિકની નાની વસ્તુઓ બાળકોને રમવા ન આપીએ.
- પ્લાસ્ટિકનું ટૂથબ્રશ પણ ૩ મહિને બદલી નાખીએ.
- ગરમીની ઋતુમાં પ્લાસ્ટિકનાં પગરખાં ન પહેરીએ.
- ગર્ભવતી મહિલાઓને પ્લાસ્ટિકનાં વાસણો, વસ્તુઓના ઉપયોગથી દૂર રાખીએ.

# પ્લાસ્ટિકના ઉપયોગની ભયાનકતા





પ્રતિવર્ષ સમગ્ર વિશ્વમાં ૫૦૦ ખરબ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે કે પ્રતિ મિનિટ એક અરબથી પણ વધારે બેગનો ઉપયોગ થાય છે, જેના કારણે આપણું પર્યાવરણ પ્રદૂષિત થાય છે. ઉલ્લેખનીય છે કે સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિકનો સૌથી વધુ ઉપયોગ ભારતમાં થાય છે. પ્લાસ્ટિકના પ્રદૂષણના કારણે અને આપણા સૌ દ્વારા પ્લાસ્ટિક બેગના અનાવશ્યક ઉપયોગના કારણે પર્યાવરણને અસર પહોંચી રહી છે. પ્લાસ્ટિક બેગ આપણા માટે બહુ જ નુકસાનકારક છે. પ્લાસ્ટિક બેગ પર્યાવરણને તો નુકસાન કરે જ છે, પરંતુ ભયાનક હકીકત એ પણ છે કે ડૉલ્ફિન, કાચબાં, વ્હેલ માછલી, પેંગ્વિન્સ જેવા એક લાખ જીવ પ્લાસ્ટિકને કારણે નષ્ટ થાય છે. અનેક પ્રકારના અસાધ્ય રોગો પણ માનવીને પ્લાસ્ટિકના ઉપયોગને કારણે થઈ રહ્યા છે. દુખની વાત એ છે કે ભારતમાં પ્લાસ્ટિકનો ઉપયોગ અમર્યાદપણે થઈ રહ્યો છે. એનાં નુકસાન આપણી આંખ સામે હોવા છતાં આપણે પ્લાસ્ટિકના ઉપયોગથી ને એ કારણે તેની અસરોથી મુક્ત થઈ શકતા નથી. હજુ સમય છે, હજુ બચી શકાય એમ છે એવું માનીને આ પર્યાવરણ દિવસને સાર્થક બનાવીએ, પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરીએ એવાં પ્રણ લઈએ.

# કુદરત સાથે એક મિત્ર જેવી સંવાદિતા હોવી જોઈએ



એક ઉર્દુ શબ્દ ‘ કશ્કોલ ’ નો અર્થ છે ‘ કુદરતના ભંડાર પહેલેથી ભરેલા પડેલા છે છતાં પણ કુદરત તેને વારંવાર તપાસે છે તેનો કોઈ ખૂણો ખાલી તો નથી થયો ને ! ’. મહાત્મા ગાંધીએ પણ ગીધ સંસ્કૃતિ વિશે કહ્યું છે કેઃ “ આ પૃથ્વી ઉપર સૌની જરૂરિયાત માટે પુરતું છે, પરંતુ લોભીયા માટે કશુંય પુરતું નથી.’’ કુદરત સાથે સંવાદિતતા એક મિત્ર સાથે સંવાદિતતા જેવી હોવી જોઈએ.પરંતુ કુદરતના સ્ત્રોતો અને પર્યાવરણનો અણઘડ ઉપયોગ એ દરેક દેશ માટે ચિંતાનો વિષય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના સલામતી ધારા ધોરણના નવા જાહેર થયેલા આંકડા મુજબ વિશ્વના દરેક દસ મોટા શહેરો પૈકી લગભગ એક શહેર જ ચોખ્ખી હવા લઈ રહ્યું છે. ભારતના શહેરોની સ્થિતિ ખુબ જ ખરાબ છે. અમેરિકામાં તો લોકો પ્રદુષણથી થાકયા છે. પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રયત્નો થયા છે. ૧૯૭૩થી યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત પૃથ્વીના રક્ષણ અંગે વૈશ્વિક જાગૃતિ વધારવા માટે દર વર્ષે ૦૫મી જુને ‘ વિશ્વ પર્યાવરણ દિવસ ’ ઉજવે છે. આ વખતે ભારત ૨૦૧૮ વિશ્વ પર્યાવરણ દિવસનું વૈશ્વિક યજમાન છે. ભારત આજે વિશ્વમાં મહાસત્તા રૂપે પ્રસ્થાપિત થવા માટે આગળ વધી રહેલ છે તેવા સમયે વર્લ્ડ એન્વાયર્નમેન્ટ ડે ૨૦૧૮ નું આયોજન કરીને તેના નેતૃત્વને ગતિ આપી છે.

વર્ષ ૨૦૧૮ની થીમ “Beat Plastic Pollution” છે. આ દિવસે આપણે થોડુંક પ્લાસ્ટિક પોલ્યુશન વિષે જાણીએ. વિશ્વમાં દર વર્ષે પાંચ ટ્રિલિયન પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ કરવામાં આવે છે. દર વર્ષે, ઓછામાં ઓછા ૧૩ મિલિયન ટન પ્લાસ્ટિકનો કચરો મહાસાગરોમાં નાખવામાં આવે છે એટલે કે સરેરાશ દર મિનિટે એક ટ્રક જેટલો કચરાનો નિકાલ કરવામાં આવે છે. છેલ્લી સદીમાં જેટલા પ્લાસ્ટિકનું ઉત્પાદન નથી થયું તેટલુ ઉત્પાદન આ છેલ્લા દાયકામાં થયુ છે. વિશ્વમાં દર મિનિટે ૧૦ લાખ પ્લાસ્ટિક બોટલો ખરીદવામાં આવે છે. દુનિયામાં જે કચરો પેદા થાય છે તેમાંનો ૧૦ % પ્લાસ્ટિકનો કચરો હોય છે.

પેટ બકલીએ કહ્યું છે કે “હું પ્રકૃતિ, પ્રાણીઓ, પક્ષીઓ અને પર્યાવરણમાં ભગવાન જોઈ શકું છું.’’

ત્રીજી સદીમાં સમ્રાટ અશોકે તેના શિલાલેખોમાં પ્રકૃતિના મહત્વને સ્વિકારતાં વન્ય જીવ-જંતુઓના શિકાર પર અંકુશ અને રક્ષણના નિયમો જોવા મળે છે આમ, વિશ્વમાં પ્રકૃતિના સંરક્ષણનો સર્વપ્રથમ પ્રારંભ અશોકથી થયેલો.

વૈશ્વિક તાપમાન ૨૦૨૦ સુધીમાં ૦૩ ડિગ્રીના વધારા સાથે વિશ્વમાં ગરમીના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. ઋતુઓ બદલાઈ રહી છે. ભર ઉનાળામાં વરસાદ પડે છે તો શિયાળો લાંબો ચાલે છે. ગ્લોબલ વૉર્મિંગનો અનુભવ થઈ રહ્યો છે. ૨૦૦૫નું વર્ષ આ સદીનું સૌથી ગરમ વર્ષ સાબિત થયું છે. રેઈન મિકેનિઝમ અને બાયો ડાઈવરસિટી પર ખતરો ઉભો થયો છે. ચાઈનામાં હવાના પ્રદુષણને કારણે કેન્સર વિલેજ પેદા થયા છે. આ સમયે જરૂરી છે વધુને વધુ વૃક્ષો વાવી પ્રદુષણ અટકાવવાની. ભારતની વસ્તી સવાસો કરોડ જેટલી છે. વસાહત માટે વધુ જમીનની જરૂર પડતાં વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું છે અને સાથે સાથે હવા, પાણીનું પ્રદુષણ પણ વધતાં એને નાથવાના અનેક ઉપાયો પણ થઈ રહ્યા છે. વાયુમંડળમાં કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં વૃધ્ધિનું એક કારણ મોટી સંખ્યામાં વૃક્ષો કાપવાનું પણ છે. વૃક્ષારોપણ દ્વારા આ બધી સમસ્યાઓનો એક ઉપાય છે. પ્રદુષણ ઘટાડવાની સાથોસાથ વૃક્ષો હવાને શુદ્ધ કરે છે અને જમીનનું ધોવાણ અટકાવતાં રણને આગળ વધતું અટકાવે છે. વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. પાણીનું સ્તર ઉપર લાવે છે. અને તેથી જ વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ તેમજ વૃક્ષો અને પર્યાવરણના રક્ષણ માટેના ઉપાયોની ચર્ચા-વિચારણા થાય છે. ખુલ્લી અને પડતર જગ્યામાં, ખેતરની ફરતે, રસ્તાની બંન્ને બાજુએ, દવાખાના, સરકારી કચેરીઓમાં, નિશાળ જેવા સ્થળોએ વૃક્ષારોપણ કરી તે વૃક્ષોનો ઉછેર થાય તેની જવાબદારી લેવી જોઈયે. શાળા અને તેની આસપાસ પણ દરેક બાળકે પોતાના જન્મદિને કે પોતાના કુટુંબના સભ્યોના જન્મ-મરણદિન, લગ્નદિન જેવા પ્રસંગોને સાંકળે લઈ વૃક્ષારોપણ કરવું જોઈયે. વૃક્ષોને કાપવાથી થતા નુકશાનની ભરપાઈ કરવા માટે મોટા ભાગે શહેરની બહાર વૃક્ષારોપણ કરવું જોઈયે. અને શક્ય હોય ત્યાં શહેરની અંદર પણ કરવું જોઈયે. બગીચાઓમાં ખર્ચાળુ લેન્ડ-સ્કેપિંગ કરવામાં આવે છે પણ તે વૃક્ષોનો વિકલ્પ નથી. એક વૃક્ષ હજારો પક્ષીઓ,પશુઓ અને વટેમાર્ગુઓનું આશ્રય સ્થાન બની રહે છે. રોજરટોરી પીટરસને કિધું છે કેઃ “ પક્ષીઓ પર્યાવરણનો સંકેત આપે છે. જો તેઓ મુશ્કેલીમાં હોય તો સમજવું કે ટૂંક સમયમાં આપણે પણ મુશ્કેલીમાં હોઈશું. ’’

ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેટ ચેન્જ જેવી પ્રવર્તમાન સમસ્યાઓથી બચવા માટે કુદરતી સ્ત્રોતોનો મર્યાદિત ઉપયોગ કરી બિનપરંપરાગત ઊર્જાના સાધનોનો ઉપયોગ કરવો જોઈયે. શહેરના પ્લાનર્સ, રાજકીય પક્ષો અને લોકોએ સાયકિંલગ,વોકિંગ અને પબ્લિક ટ્રાંસપોર્ટને અગ્રસ્થાન આપી ‘ ગ્રીન કેમેસ્ટ્રી ’ની સંકલ્પના દ્વારા પર્યાવરણને ઓછું નુકશાન પહોંચાડતા અને ઈકો ફ્રેન્ડલી બળતણની દિશામાં વિચારવું જોઈયે. પર્યાવરણ ડિગ્રેડેશન, વસ્તી વધારો, શરણાર્થીઓ, નાર્કોટિક્સ, આતંકવાદ,વર્લ્ડ ક્રાઈમ મૂવમેન્ટ, ઓર્ગેનાઈજ્ડ ક્રાઈમ જેવી વૈશ્વીક સમસ્યાઓને કોઈ દેશની સરહદ રોકી શકે તેમ નથી. આ માટે બુદ્ધિમાની દેખાડવી પડશે. જનતાને સર્વ રીતે શિક્ષિત કરી સહુએ ભેગા મળીને તેનો ઈલાજ શોધવો પડશે.

**- સતીષદાન ચારણ**

## પ્લાસ્ટિક ઘાતક છે તેનો ઉપયોગ ટાળીએ

પ્લાસ્ટિક બેગની સૌથી મોટી નુકસાની એ પણ છે કે તે નૉન બાયોડિગ્રેડેબલ છે. મતલબ કે એ પ્રાકૃતિક રીતે વિઘટિત નથી થતી, એને નાશ પામતાં લગભગ ૧ હજાર વર્ષ જેટલો સમય લાગે છે.

સંશોધનોએ એવું સાબિત કર્યું છે કે પ્લાસ્ટિક કેમિકલ ફેક્ટરી, કારખાનાઓમાં કામ કરનારા કારીગરો અનેક જાતની બિમારીઓના ભોગ બને છે. પ્લાસ્ટિકથી બનતી ચીજો એક પ્રકારનું પૉલિમર છે, જેમાં નાયલોન, ક્લોરાઈડ, પોલીસ્ટાઈરીન, પોલીથાઈલીન, ફિનોલીન, યૂરિયા, ફાર્મેલ્ડિહાઈડ, બીપીએ બાયસ્ફેનાલ, પ્થાલેટ્સ નામક ઘાતક કેમિકલ ઉપયોગમાં લેવાય છે.

કેટલાક લોકો અજાણતાં ભોજન, પીણાં પ્લાસ્ટીકનાં વાસણોમાં મૂકીને માઈક્રોવેવમાં ગરમ કરે છે કે ગૅસ પર ગરમ કરે છે અથવા તકડામાં રાખે છે. આ બહુ જ ભયંકર છે. ગરમ થવાથી પ્લાસ્ટિક બહુ જ ભયાનક ગરમ રસાયણો છોડે છે, જે ભોજન, પીણાંમાં ભળી જાય છે અને તેનો દુષ્પ્રભાવ ન માત્ર માણસ માટે પરંતુ સમગ્ર જીવજગત માટે ઘાતક પૂરવાર થાય છે. અનેક પ્રકારની અસાધ્ય બીમારીઓ પણ આ કૅમિકલ્સના દુષ્પ્રભાવથી માણસના શરીરમાં પ્રવેશે છે.

### પ્લાસ્ટિકથી થતાં નુકસાન

- ૩૨ પ્રકારના ઘાતક કૅન્સર
- કબજિયાત, ઍસીડીટી, અપચો, ફૂડપૉઈઝનીંગ
- હૃદયરોગ
- ફૅટી લિવર
- ઍલર્જી અને ત્વચારોગ
- હાકડાંના રોગ
- જાડાપણું
- અસ્થમા
- ગળામાં ઈન્ફેક્શન
- ટાઈપ-૨ ડાયાબિટીઝ
- પુરુષોમાં સ્પર્મની ગુણવત્તામાં ઘટાડો
- મહિલામાં પ્રેગ્નન્સી અને પિરીયડ્સ પ્રૉબ્લેમ
- મસ્તિષ્ક વિકાર, તાણ, ઉત્તેજના
- યુરિન ઈન્ફેક્શન
- હૅર ફૉલ
- શરીરમાં ધ્રૂજારી
- થાઈરોઈડ
- ટીબી
- હોર્મોન્સમાં વિકાર

પ્લાસ્ટિક રસાણ શરીરને અનેક પ્રકારને નુકસાન કરે છે. અનેક વિકસીત દેશોએ તો પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો છે. પરંતુ ભારત ઉપરાંત અનેક વિકાસશીલ દેશો પ્લાસ્ટિકનો અમર્યાદ ઉપયોગ કરી રહ્યા છે, જે પર્યાવરણ અને સ્વાસ્થ્ય માટે ઘાતક છે.

# પ્લાસ્ટિક પ્રદૂષણ પર અંકુશ મેળવીએ

**પ્રસંગસર**
**નરેશ ઠાકર**

વિશ્વ પર્યાવરણદિન, વૈશ્વિક પર્યાવરણની સુરક્ષા માટે પગલાં લેવા ઉચિત મંચ મારફતે તક આપતો ખૂબ જ મહત્વનો દિવસ છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ ૧૯૭૪માં, ૫મી જૂનના દિનની ઉજવણીના થયેલ પ્રારંભથી, હવે એક સોથી વધુ દેશોમાં વિશ્વ પર્યાવરણદિન પ્રસંગે સ્થાનિક, રાષ્ટ્રીય કે વૈશ્વિક સ્તરે લોકો સામેલ થાય છે.

યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રતિ વર્ષે પર્યાવરણને સતત સ્પર્શતા ચોક્કસ મુદ્દા પરત્વે ધ્યાન દોરવા તેને અનુરૂપ વિશ્વ પર્યાવરણદિનનું વિષયવસ્તું જાહેર કરવામાં આવે છે. વર્તમાન વર્ષે આ દિવસનું થીમ ‘બિટીંગ પ્લાસ્ટિક પોલ્યુશન’ (પ્લાસ્ટિક પ્રદૂષણ પર અંકુશ મેળવીએ.) જાહેર થયું છે.

વિશ્વ પર્યાવરણદિન ૨૦૧૮ની વૈશ્વિક ઉજવણીનું યજમાનપદ ભારતને મળ્યું છે. ભારતમાં પર્યાવરણીય પડકારોનો થઈ રહેલ સામનો તેમજ તેને પહોંચી વળવા માટેના પ્રયત્નો પરત્વે ધ્યાન દોરવા માટે તેની આ ભૂમિકા મદદરૂપ બનશે.

તળાવો અને નદીઓ, તેની જૈવ વિવિધતા (બાયોડાવર્સિટી), જંગલો અને વન્યપ્રાણીઓ, પ્રાણીઓના હિતોની કાળજી, પદૂષણનું નિયંત્રણ અને નિવારણ, સહિત કુદરતી સંપદાના સંરક્ષણ અંગે નિરંતર ટકાઉ વિકાસના સિધ્ધાંતોને અનુસરીને પર્યાવરણ અને વન સંબંધિત નીતિઓ અને કાર્યક્રમોના અમલીકરણ પર ભારત સરકારના પર્યાવરણ, વન અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય દ્વારા દેખરેખ રાખવામાં આવે છે. આ દિનના થીમમાં સહજ ફેરફાર કરીને ‘પ્લાસ્ટિક પોલ્યુશન’ રાખ્યું છે. માન. કેન્દ્રીય પર્યાવરણ મંત્રીશ્રી ડૉ. હર્ષ વર્ધને, પ્લાસ્ટિક વૅસ્ટના ગંભીર જોખમને ધ્યાને લઈને પ્લાસ્ટિકના ઉપયોગની ઉપેક્ષા કરવા માટે પર્યાવરણ મંત્રાલય મારફતે પહેલ કરાવી છે. તેઓએ ઈન્દીરા પર્યાવરણ ભવનના પરિસરને પ્લાસ્ટિક મુક્ત વિસ્તાર જાહેર કર્યો છે. રિફ્યૂઝ, રિડ્યૂસ, રિયૂઝ અને રિસાયકની પદ્ધતિ અનુસરીને, પ્લાસ્ટિક વૅસ્ટ ઘટાડવા માટે સૌના સહિયારા પ્રયાસની જરૂરિયાતનો આપણને ખ્યાલ હોવો જ જોઈએ. લોકોએ પ્લાસ્ટિક વૅસ્ટને ગમે ત્યાં ફેંકવાની તેઓની વર્તણૂક બદલવી જ પડશે. આ જ બાબત આપણી સૌથી મોટી પર્યાવરણીય સમસ્યા છે.

મઝાની વાત એવી છે કે, યુનાઈટેડ નેશન્સના તમામ કાર્યાલયો ખાતે તેના સ્ટાફ દ્વારા ‘ગ્રીનીંગ ધ બ્લ્યૂ’ નામે કચરાના સુચારૂ વ્યવસ્થાપન માટે અનોખી ઝુંબેશ શરૂ કરેલ છે. જેમાં, ક્લાયમેટ ચેન્જ, આરોગ્ય, ગરીબી ઘટાડવી, ખાદ્ય સલામતી, વપરાશ અને ઉત્પાદનના ક્ષેત્રોમાં અભિગમના સુધારા સહિત કુદરતી સ્ત્રોતો તેમજ કચરાનું નિરંતર ટકાઉ રીતે સુચારૂ વ્યવસ્થાપન કરવાનો હેતુ છે. યુએનના કાર્યાલયોમાં, તેઓએ ‘સે યસ ટૂ લેસ’ અર્થાત્ ‘મને ઓછું ચાલશે’ એવું કહેવાની ઝુંબેશ ચાલુ કરી છે. તેઓનું સૂત્ર છે – ‘ઈફ યૂ કાન્ટ રિયુઝ ઈટ, રિફ્યૂઝ ઈટ’, એટલે કે, ‘જો ફરીથી વપરાશમાં લઈ શકાય, તેવી ચીજ-વસ્તુ નહોતો, તેનો તમે અસ્વીકાર કરો’. આવી ઝુંબેશમાં સામેલ થવું સરળ છે. આમ કરવાથી કચરાના ઢગલાંઓ પણ ઓછા થશે.

યુએનઈપીના વડા એરિક સોલહાઈમે પ્લાસ્ટિકના કચરાને પર્યાવરણીય અને જાહેર આરોગ્યની બાબતો તરીકે ગણી છે. જ્યારે, પ્લાસ્ટિકના કચરાને સમુદ્રમાં નાંખવામાં આવે છે, ત્યારે આ જોખમ સામે દરિયાઈ જીવસૃષ્ટિ અસહાય છે. પ્લાસ્ટિકના કચરાને જ્યારે બાળવામાં આવે છે, ત્યારે તેના ધુમાડા કે ધૂણીથી કેન્સર, અંતઃસ્ત્રાવી, ચયાપચય અને હોર્મોનલ સમસ્યાઓ વગેરે સહિતની જુદી જુદી બીમારીઓ થાય છે. વિકાસ વિરૂદ્ધ પર્યાવરણને બદલે વિકાસ અને પર્યાવરણના ભારતના અભિગમની વૈશ્વિક નોંધ લેવાઈ છે. સોલર પાવર તેમજ કૃષિમાં કુદરતી ખેતીની રીતભાતોમાં સાથોસાથ પરિવર્તન ઝડપથી અપનાવીને ભારતની આર્થિક વૃદ્ધિ સંતુલિત કરી છે.

ગ્રીન ઈન્ડીયા ગૃપ : ભારત સરકારે જુદાજુદા અન્ય ગૃપોની સાથે ગ્રીન ઈન્ડિયા ગૃપની રચના કરી છે. જેમાં, ભારતને વધુ ગ્રીનર બનાવવાના સૂચનો નાગરિકો આપી શકે છે. પ્રકૃતિને માતા તુલ્ય પૂજવાનો ભારતીય સંસ્કાર છે.



આપણે કુદરતની સાથે વર્તમાનમાં સુમેળથી રહીને, સંપદાને આગામી પેઢીઓ માટે પણ રાખવાની છે. આથી જ, વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ, વન અને વન્યસૃષ્ટિ; પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ; વનીકરણ તેમજ ખરાબાના વિસ્તારોને નવપલ્લવિત કરવા; પર્યાવરણની સુરક્ષા; અને પ્રાણીઓના હિતોની ખાતરી કરવા માટે તેની મોજણી અને સંરક્ષણ અંગેની નીતિ તૈયાર કરી છે.

પ્લાસ્ટિક પ્રદૂષણ પર અંકુશ અંગે જનજાગૃતિ માટે પગપાળા મિશન પર ભારતીય મહિલા

‘મારો કચરો, મારી જવાબદારી’ સૂત્ર સાથે ૩૨ વર્ષિય રાજેશ્વરી સીંઘે વડોદરા-ગુજરાતથી દિલ્હીની વાટ પકડી છે. રાજેશ્વરીએ પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે જનજાગૃતિ માટે આકરા ઉનાળામાં મોટા ૨૨ શહેરોને વટાવી ૧૧૦૦ કિલોમીટરથી વધુ રસ્તો પગપાળા કાપ્યો છે.

અવતારથી પ્રતિબંધ સુધી : વર્ષ ૧૯૭૦ના દાયકામાં નાવિન્ય અવતાર પામેલ પ્લાસ્ટિકની બૅગ્સ, હવે તેનું વૈશ્વિક સ્તરે પ્રતિ વર્ષ એક ટ્રલિયન (એક લાખ કરોડ) ઉત્પાદન થાય છે. દુર્ભાગ્યે આ પ્લાસ્ટિક હવે દરીયાના અંધારકારમય પેટાળમાં, માઉન્ટ એવરેસ્ટના શિખરો પર, ધ્રુવિય બરફ પ્રદેશોમાં પણ કચરારૂપે જોવા મળે છે. અને આ કચરો પર્યાવરણ માટે મોટો પડકાર છે. હવે, કેટલાંક રાજ્યો અને વિસ્તારોમાં તેના પર પ્રતિબંધ છે. સિક્કીમની સરકારે સૌ પ્રથમ પ્લાસ્ટિક બૅગ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. વર્ષ ૧૯૯૦ના દાયકામાં, પ્લાસ્ટિક બૅગ્સ સહિત તેનો કચરો ભારે વરસાદી તોફાનમાં પાણી સાથે તણાયો હતો. જેથી પાણીના નિકાલ માટેના નાળા જામી ગયા, અને ભરાયેલા વિપુલ પાણીના જથ્થાને કારણે ખૂબ મોટું ભૂસ્ખલન થયું હતું. આ ઘટના પછીથી, સિક્કીમ સરકારે પ્લાસ્ટિક બૅગ્સ પર પ્રતિબંધ મૂક્યો. ત્યારબાદ, ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક બૅગ્સ, તેમજ એક જ વખત વાપરી શકાય તેવી પ્લાસ્ટિકની બોટલ્સને પ્રતિબંધિત કરી છે. સરકારી કચેરીઓમાં, ડિપાર્ટમેન્ટલ મિટિંગોમાં, સમારંભોમાં, કે ઉજવણી પ્રસંગોમાં, સ્ટાયરોફોમ અને થર્મોકોલની ડિસ્પોઝેબલ પ્લેટ્સ તેમજ કટલરી ચીજ-વસ્તુઓ સહિત પાણીની પ્લાસ્ટિક બોટલ્સનો વપરાશ પ્રતિબંધિત કર્યો છે. આથી, ડમ્પ યાર્ડમાં બિનજરૂરી કચરાનું ભારણ પણ ઘટે છે.

મહાસાગરોમાં પ્રદૂષણ: પ્લાસ્ટિકના કેટલાંક સંયોજનો માનવ સ્વાસ્થ્ય માટે હાનીકારક બને છે. જમીન પરથી થતી આપણી પ્રવૃત્તિઓ દરિયાઈ પ્રદૂષણનો સૌથી મોટો સ્ત્રોત છે.

આ પ્રવૃત્તિઓથી, વિશ્વમાં ચોમેર સમુદ્ર ખાતે, સાગરોના તળિયે, દરિયા કાંઠે અને ચોપાટી વિસ્તારે ફેલાતા, પ્લાસ્ટિકના આ કચરામાં ધીમે ધીમે વધારો થતો દેખાઈ રહ્યો છે. દર વર્ષે અંદાજે ૮૦ લાખ ટન પ્લાસ્ટિકનો કચરો વિશ્વના મહાસાગરોમાં ઠલવાઈ રહ્યો છે.

દરિયાકાંઠે ચોપાટી વિસ્તારોમાંથી પ્લાસ્ટિક કચરાની સફાઈમાં, જાહેર આરોગ્યમાં અને આ કચરાના નિકાલમાં આર્થિક ખોટ થાય છે. આ પ્લાસ્ટિકના કચરાના કારણે શિપિંગ અને મત્સ્ય ઉદ્યોગોએ તેમના વહાણો કે જહાજો તેમજ બંદરોની જાળવણી અને વ્યવસ્થાપનમાં વધુ ખર્ચ ભોગવવો પડે છે.

યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ્સ ગ્લોબલ પ્રોગ્રામ હેઠળ દરિયાઈ પર્યાવરણના સંરક્ષણનો કાર્યક્રમ વર્ષ ૨૦૧૭માં શરૂ કર્યો છે. યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ સંસ્થાએ મહાસાગરોમાં પ્લાસ્ટિક કચરાની સમસ્યાનો સામનો કરવાનું આયોજન કર્યું છે.

બાયોફેન્સઃ મધ્ય અમેરિકામાં આવેલ ગ્વાટેમાલા સ્ટેટ દ્વારા, એક વિશેષ પ્લાસ્ટિક-કૅચિંગ તરતી જાળી (બાયોફેન્સ) મારફતે સમુદ્રમાં ભળતો કચરો અટકાવવામાં આવે છે.

બાયોફેન્સ તૈયાર કરવામાં, પાણીમાં તરતી ચીજ-વસ્તુઓને જાળી સાથે બાંધવામાં આવે છે. સમુદ્રને મળતા નદીના પાણીમાં તરતો કચરો આ બાયોફેન્સમાં કેદ થાય છે. કચરાને દરરોજ પ્લાસ્ટિક રિસાયકિંલગ સેન્ટર ખાતે લઈ જવામાં આવે છે. બાયોફેન્સની આ પદ્ધતિથી અંદાજે ૬૦ ટકાથી વધુ કચરો તારવીને દરિયામાં ભળતો અટકાવવામાં આવે છે. દરિયાકાંઠાની આસપાસની ચોપાટી હવે વધુ ચોખ્ખી થઈ છે. બાયોફેન્સની પદ્ધતિ અપનાવવી ખૂબ જ સરળ છે.

વર્ષ ૨૦૩૦ સુધીમાં, ‘સસ્ટેનેબલ ડેવલપમેન્ટ’ના વૈશ્વિક એજન્ડા પૈકી, ખાસ કરીને ‘મહાસાગરોની જીવસૃષ્ટિ’ને બચાવવાના લક્ષને હાંસલ કરવાના કાર્યક્રમને ટેકો આપીએ, અને પ્લાસ્ટિક પ્રદૂષણપર અંકુશ મેળવવા આપણે સૌ સહયોગી બનીએ.